ટેન્ડરમાં ભરેલ અસામાન્ય ઊંચા ભાવોના સંદર્ભે કામ પર પડતા ખર્ચ પર નિયંત્રણ રાખવા તથા કામની નાણાંકીય પ્રગતિ સાથે સુમેળમાં રહે તે માટે જરૂરી જોગવાઈ કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક:- પરચ-૧૦૨૦૦૮-(૬૧)-સી
તા. ૦૩-૦૫-૨૦૧૩
વંચાણે લીધા:- પરિપત્ર ક્રમાંક:- પરચ-૧૦૨૦૦૮-(૬૧)-સી તા. ૨૭-૧૧-૨૦૦૮

આમુખ:-

ટેન્ડર માં ઈજારદારશ્રીઓ દ્વારા ભરાતા Imbalance ભાવો વાળા ટેન્ડરના કિસ્સાઓમાં ઈજારદારશ્રીઓ દ્વારા ઊંચા ભાવની આઈટમોની કામગીરી કર્યા બાદ નીચા ભાવની આઈટમોની કામગીરી ન કરવામાં આવે તેવી પરિસ્થિતિ પર નિયંત્રણ રાખવા માટે તા. ૨૭-૧૧-૨૦૦૮ નો પરિપત્ર જરૂરી જોગવાઈ સાથે બહાર પાડવામાં આવેલ. આ પરિપત્ર અંગે વિવિધ સ્તરોએ થયેલ રજુઆતોને ધ્યાને લેતાં અને તેના પર પુખ્ત વિચારણાના અંતે આ પરિપત્રના બીજા ફકરાની છેલ્લી લીટી "આ રીતે વીથહેલ્ડ રાખેલ રકમ કામ સંતોષકારક રીતે પુર્ણ થયે ફાઈનલ બીલ મંજુર કરતી વખતે વ્યાજભારણ વગર છૂટી કરવામાં આવશે" તેની જગ્યાએ નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

સુધારો:-

"આ રીતે વીથહેલ્ડ રાખેલ રકમ અસાધારણ નીચા ભાવ ભરેલ હોય તેવી આઈટમની નાણાંકિય પ્રગતિનાં પ્રમાણસર રનીંગ બીલમાંથી છૂટી કરવાની રહેશે. જે કિસ્સામાં અસાધારણ નીચા ભાવ ભરેલ કોઈપણ આઈટમ ન હોય તેવા કિસ્સામાં અસાધારણ ભાવો ભરેલ આઈટમની સામે વીથહેલ્ડ રાખેલ રકમ બાકી રહેતી કામગીરી થાય તેના પ્રમાણસર રનીંગ બીલમાંથી છૂટી કરવાની રહેશે."

વધુમાં વંચાણે લીધેલ પરિપત્ર ના ઉદાહરણમાં દર્શાવેલ ક્રમાંક-૮ રદ કરવામાં આવે છે.

ઉપરોક્ત સુધારાનો અમલ આ પરિપત્રની તારીખ પછી મંજુર થતા ડી.ટી.પી. માં અચુકપણે કરવાનો રહેશે.

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી(વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ. વિભાગ (પાટનગર યોજના વર્તુળ, નેશનલ હાઈવે વર્તુળ સહિત).
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ (પંચાયત) મા.મ. વિભાગ.
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ, મા.મ. વિભાગ.
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ,(પંચાયત), મા.મ. વિભાગ.

નકલ રવાના:-
૧. અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, મા.મ. વિભાગ,સચિવાલય, ગાંધીનગર
૨. સર્વે મુખ્ય ઈજનેર અને અ.શ્રીઓ, મા.મ. વિભાગ.
૩. સર્વે તાંત્રિક ઉપ સચિવશ્રીઓ, મા.મ. વિભાગ.
૪. ના.કા.ઈ.શ્રીઓ, મા.મ. વિભાગ.
૫. નાણાં શાખા, મા.મ. વિભાગ.
૬. ના.સે.અ , સી શાખા. મા.મ. વિભાગ., સિલેકટ ફાઈલ
૭. શાખા સિલેકટ ફાઈલ -૨૦૧૩